# બે વર્ષના બી.એડ્ કોર્ષની સમસ્યાઓ

પ્રજાપતિ ધર્મેન્દ્ર

## પ્રસ્તાવના

આજની દુનિયામાં સમયની સાથે સાથે અનેક વિવિધ ક્ષેત્રોમાં પરિવર્તન અને સારો એવો વિકાસ થયો છે. જે આધુનિક સમયમાં પણ ઘણી એવી બાબતો માનવજગતને અને દુનિયાને પણ વિસ્મીત કરી દે છે. આજનો માનવી પોતાની શકિતઓ વડે તે સમય અને નાણાનો બચાવ કરતા પણ શીખ્યો છે. તેથી તે વધારે અને કઠીન લાગતું કામ તે થોડા સમયમાં અને ઓછી મહેનતે ઝડપથી કામ કરે છે. આજનો બુધ્ધિશાળી માનવી પોતાની શકિત વડે તે ગમે તેવા કઠીન પડકારનો સામનો કરવા સક્ષમ છે.

આજના આધુનિક યુગના શિક્ષણ જગતમાં અનેક વિવિધ પ્રવૃતિઓ અને પ્રવિધિઓ આવી છે. અને તેમાં પણ બધા અનેકવિધ પરિવર્તન અને ફેરફારો પણ જોવા મળી રહયા છે. અને આજે શિક્ષણના જીવન ઘડતરમાં ઉપયોગી બનાવવા માટેની અનેક વિધ શિક્ષણની નીતિઓ ઘડાઈ રહી છે. અને આ શિક્ષણ નીતીઓ આજના ભાવી પ્રવર્તમાન શિક્ષણ પર કેવી અસર જન્માવશે તેની કલ્પના કરવી જ રહી. સારું અને ગુણવતાવાળું શિક્ષણ કેવી રીતે મળે તેના માટે બધા આજે ફાંફા મારે છે. તેવુ લાગે છે.

બી.એડ્ તાલીમી કોર્ષ પહેલાં એક વર્ષનો હતો. જે આજે બે વર્ષમાં રૂપાંતરીત કરવામાં આવેલ છે. તેનાથી અધ્યાપકો તથા તાલીમાર્થીઓ પર અસર થઈ છે. અને તેનાથી વિધાર્થીઓ ઘણા બધા મુંઝવણ અનુભવે છે. તેના વિશેના અભિપ્રાયો આપવાનો નાનો પ્રયત્ન કરવા માંગુ છુ.

## બે વર્ષની બી.એડ્ કોર્ષની સમસ્યાઓ નીચે પ્રમાણે છે.

○ **બે વર્ષનું બી.એડ્ થતાં સારી ગુણવતાવાળા શિક્ષક મળશે કે નહી ? તે એક મોટો પ્રશ્ન છે.** NCERT એ બે વર્ષનો બી.એડ્ કોર્ષ અમલમાં મુકીને સારા શિક્ષક મળશે તેવું માને છે. પણ જેઓ એક વર્ષનો કોર્ષ કરીને આજે અનેક જગ્યાએ નોકરી કરે છે તેઓ પોતાની સારી એવી સેવાઓ આપી રહયા છે. અને તેઓ શિક્ષણની કામગીરી પણ ખુબજ સરસ રીતે નિભાવી રહયા છે. તો પ્રશ્ન એ થાય છે કે જે તાલીમાર્થી એક વર્ષનો બી.એડ્ કરીને સારી એવી સેવા આપી શકતો હોય તો આજના બે વર્ષના બી.એડ્ કોર્ષ કરીને જે તાલીમાર્થી ભાઈ કે બહેન સારી શિક્ષણની સેવાઓ આપી શકશે તેવી કોઈ ગેરંટી છે

- **ગરીબ તાલીમાર્થી પર આર્થિક બોજ.**

NCERT એ બે વર્ષનો બી.એડ્ કોર્ષ અભ્યાસમાં અમલમાં મુકતાંજ ગરીબ વિધાર્થી અને તેના મા–બાપ પણ ચિંતિત બની ગયા છે. જે મા–બાપ એક વર્ષનો બી.એડ્ કોર્ષ પોતાના દીકરા કે દીકરીને કરાવતાં અચકાતાં હતાં તે આજે બે વર્ષનો કરતાં તેમના પર આર્થિક સંકટ આવીને પડયું છે. આવા ગરીબ વિદ્યાર્થીઓ બી.એડ્ કરવાનું પોતાનું સ્વપ્નુ હોય છે. કે પોતે બી.એડ્ કરીને સારો શિક્ષક બનશે. અને પોતાના પરીવાર સાથે રહીને સારી એવી કામગીરી કરશે પણ આર્થિક બોજના કારણે પોતાની ઈચ્છાઓનો ત્યાગ કરી છે છે. સરકારને આના વિશે વિચારવું રહયું.

- **બે વર્ષનો બી.એડ્ કોર્ષ કર્યા પછી નોકરી મળવાની ગેરંટી કેટલી ?**

NCERT એ બે વર્ષનો બી.એડ્ કોર્ષ અમલમાં મુકયો છે. તે વિદ્યાર્થી બે વર્ષનો બી.એડ્ નો કોર્ષ કરીને જયારે પોતાના ઘરે જાય પછી તેને શિક્ષકની નોકરી મળવાની ગેરંટી કેટલા ટકા રહેલી છે. વિદ્યાર્થી પોતે પોતાના પગ ઉપર ઉભા રહી શકશે કે નહી તેના વિશે વિચારવાની જરૂર છે.

- **બે વર્ષનો બી.એડ્ કોર્ષ શરૂ થાય તેમાંથી વિદ્યાર્થીઓને ફાયદો કે નુકશાન થાય તેવા સંશોધન થયેલા છે કે નહી ?**

ncert એ બે વર્ષનો બી.એડ્ કોર્ષ અમલમાં મુકતાં પહેલા તેમને અનેકવિધ તજજ્ઞ કે નાના સંશોધન કરીને કે મોટું એક સંશોધન કરીને તેના પરિણામની ચકાસણી કરીને બી.એડ્ કોર્ષને બે વર્ષનો અમલમાં મુકવો જોઈએ. તેનાથી વિદ્યાર્થીઓને ફાયદો થાય છે કે નહી તે તજજ્ઞોને પુછીને વિચારવું રહયું.

- **બે વર્ષનો બી.એડ્ કોર્ષ થતાં સમય અને નાણાંનો બગાડ થાય છે.**

આજના આધુનિક યુગમાં માનવી પોતે ચાંદ અને મંગળ અને અનેક શોધ કરી છે. પહેલાના માનવી પોતાનું કામ ઓછી ઝડપે કરતો હતો. જયારે આજનો માનવી પોતાના કામ ઝડપી કરે છે. અને તે પણ કેટલું ચોકકસ સારી અને ઝડપી જે અનેક વ્યકિતઓ કામ કરતા હતા તેના કરતા આજે તે એકલો તે કામ કરે છે. ટેકનોલોજીનો વિકાસ થતાં માણસે આજે દુનિયાને નાની બનાવી દીધી છે.

પહેલા એક વર્ષનો બી.એડ્ કોર્ષ તાલીમાર્થી કરતો હતો. તેમને બી.એડ્ કરવા માટે તેમને તાલીમ આપતી સંસ્થા દૂર પણ હોય છે. તેનાથી તાલીમાર્થી ભાઈ કે બહેનને તાલીમ લેવા માટે પોતાના પૈસા ખર્ચીને તે સ્થળે જાય છે અને જો બે વર્ષનો બી.એડ્ કોર્ષ થતા આવા તાલીમાર્થી વિદ્યાર્થીઓ ને તેવા દૂર તાલીમ કેન્દ્ર સુધી પહોંચતા ડબલ સમય અને ડબલ પૈસા ચુકવવા પડે છે.

બે વર્ષનો બી.એડ્ કોર્ષ થતા તાલીમાર્થીઓ નોકરી મેળવવા માટે તેઓ એક વર્ષનો સમયગાળો ગુમાવે છે. આજના બે વર્ષનો બી.એડ્ કોર્ષમાં ઈન્ટરશીપ વધારે સમય છે જે યોગ્ય ન કહેવાય. જે વિદ્યાર્થીને આર્થિક રીતે નુકશાનકારક હોય છે.

## ઉપસંહાર

આપણે ઉપરના મુદા મુજબ જોઈએ તો તાલીમી કોર્ષ બી.એડ્ જો બે વર્ષનો રહેશે તો પ્રવેશોત્સુક વિદ્યાર્થીઓ અને શિક્ષણ પ્રત્યે પોતાનો રસ દાખવતાં શિક્ષણપ્રેમીઓ માટે ચિંતાનો વિષય બની રહે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. આમ આપણે જોઈએ તો બે વર્ષના બી.એડ્ ના કારણે ગરીબ વિદ્યાર્થી ફી માં પણ ડબલ વધારે પછી બીજા પણ અનેક ખર્ચ સાથે સાથે સમય અને જે તે સંસ્થા કે યોગ્ય કે અયોગ્ય સ્ટાફને કારણે વિદ્યાર્થી પોતાની આર્થિક સંકડામણને કારણે નોકરી મળશે કે નહી તેના કારણે પણ વિદ્યાર્થી બે વર્ષના બી.એડ્ કોર્ષમાં જોડાવાનું પસંદ કરશે નહી. જેના કારણે બી.એડ્ કોર્ષ ચિંતાનો વિષય ન બની રહે તે જોવાનું કામ શિક્ષણ ચિંતકો અને શિક્ષણ પ્રેમીઓને આ અંગે વિચારવાનું જ રહયું.

જય ભારત.